# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ મુર્મુ આજે બે દિવસીય પ્રવાસ અંતર્ગત આંધ્રપ્રદેશના વિજયવાડા પહોંચશે.

2) ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયમાં ભાજપની જીત બાદ ગૃહ મંત્રીએ રાહુલ ગાંધીને આત્મનિરીક્ષણ કરવાની સલાહ આપી.

3) કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ આજે વિદેશ મંત્રી એસ જયશંકર સાથે દ્વિપક્ષિય  વાટાઘાટો કરશે.

4) બિહારમાં ગંગા નદીમાં હોડી પલટી જતાં ૧૩ લોકોના મોત -કેન્દ્ર -રાજ્ય સરકારે સહાયની જાહેરાત.

5) ભારતના આનંદકુમાર વેલકુમારે વર્લ્ડ સ્કેટ ગેમ્સ 2026માં 500 મીટર સ્પ્રિન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

6) ક્રિકેટમાં,ભારત આજે હૈદરાબાદમાં ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝનો સામનો કરશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PRESIDENT DROUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આંધ્રપ્રદેશની બે દિવસીય મુલાકાતે આજે વિજયવાડા પહોંચશે. તેઓ આજે સાંજે શ્રી કનક દુર્ગા મંદિરમાં પ્રાર્થના કરશે.

આવતીકાલે, રાષ્ટ્રપતિ વિજયવાડામાં રાષ્ટ્રીય સરસ મેળા 2026નું ઉદ્ઘાટન કરશે. આ મેળાનું આયોજન કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આંધ્ર પ્રદેશ સરકારના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. 30 થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્વ-સહાય જૂથોની 1,500 થી વધુ મહિલાઓ મેળામાં ભાગ લઈ રહી છે, ગ્રામીણ ઉત્પાદનો, પરંપરાગત હસ્તકલા અને પ્રાદેશિક ખાદ્ય ચીજો પ્રદર્શિત કરે છે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યુ હતુંકે સ્થાનિક સ્વરાજ્યની અને દેશમાં યોજાયેલી પેટા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના વિજય બાદ પોતાની પ્રતિક્રિયા આપતા શ્રી શાહે કહ્યું કે ગુજરાતનો મતદાતા આજે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પડખે ચટ્ટાનની જેમ ઉભો છે.

## (BYTE: AMIT SHAH)

***(गांधीनगर म्युनिसिपल कॉर्पोरेशन, जो कि मेरे मत क्षेत्र के अंदर आता है, उसमें भारतीय जनता पार्टी ने 44 में से 38 सीटों पर विजय प्राप्त करी है। 41 साल के बाद आज भी एक भी चुनाव कांग्रेस नहीं जीत पाई है। मैं राहुल जी को यह भी पूछना चाहता हूँ कि क्या यह एसआईआर का परिणाम है? आपको आत्मनिरीक्षण करना चाहिए।)***

# CANADA'S FOREIGN MINISTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ દ્વિપક્ષીય સંબંધોમાં સકારાત્મક ગતિ વધારવા અને વ્યૂહાત્મક ભાગીદારીના મુખ્ય ક્ષેત્રોમાં નક્કર પરિણામો તરફ કામ કરવા કટિબધ્ધતા દર્શાવી છે.

બંને નેતાઓએ ટેલિફોનિક વાતચીત દરમિયાન વિવિધ ક્ષેત્ર જેમકે વેપાર, ઉર્જા, ટેકનોલોજી, સુરક્ષા અને લોકો વચ્ચેના સંબંધો અંગે ચર્ચાનો સમાવેશ થાય છે.

શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ભારત અને કેનેડા સાથે મળીને વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વ માટે યોગદાન આપી રહ્યા છે. દરમિયાન, કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ ગઈકાલે સાંજે ભારતની બે દિવસીય મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન, તેઓ આજે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી જયંત ચૌધરીને મળશે.

# BIMSTEC

નવી દિલ્હીમાં પ્રથમ BIMSTEC ગૃહમંત્રીઓની બેઠક દિલ્હી ઘોષણાપત્ર અપનાવવા સાથે પૂર્ણ થઈ. ઘોષણાપત્રમાં, BIMSTEC રાષ્ટ્રોએ સરહદપાર આતંકવાદ સહિત તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદ અને હિંસક ઉગ્રવાદની સખત નિંદા કરી છે.

ઘોષણાપત્રમાં, BIMSTEC રાષ્ટ્રોએ એકજુટતા વ્યકત કરી સાંભળીએ એક અહેવાલ....

(VC: VIRENDRA KAUSHIK)

(बिम्स्टेक (BIMSTEC) देशों ने संयुक्त राष्ट्र चार्टर और अंतरराष्ट्रीय कानून के अनुरूप आतंकवाद तथा हिंसक उग्रवाद को व्यापक और निरंतर प्रयासों से रोकने, उनका मुकाबला करने और उन्हें समाप्त करने का संकल्प दोहराया है। सदस्य देशों ने एक-दूसरे से जुड़े संकटों का सामना करने में सक्षम, सुरक्षित, विकसित और समृद्ध बिम्स्टेक क्षेत्र के निर्माण के लिए सक्रिय सहयोग और मजबूत करने की प्रतिबद्धता भी दोहराई है। देशों ने सदस्य राष्ट्रों में हुए आतंकवादी हमलों के पीड़ितों, उनके परिवारों और प्रभावित देशों की सरकारों के प्रति गहरी संवेदना और एकजुटता व्यक्त की है। साथ ही, आतंकवादी हमलों के दोषियों को संबंधित राष्ट्रीय और अंतरराष्ट्रीय कानूनों के अंतर्गत दंड दिलाने का आह्वान किया है।

(समाचार कक्ष से वीरेंद्र कौशिक)

# BIHAR

બિહારમાં, વૈશાલી જિલ્લાના રાઘોપુરમાં ગંગા નદીમાં હોડી પલટી જતાં ૧૩ લોકોના મોત થયા હતા, જ્યારે છ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. હોડીમાં લગભગ ૧૫ થી ૨૦ લોકો સવાર હતા. સાત અન્ય લોકોને સારવાર ચાલી રહી છે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ બોટ દુર્ઘટનામાં થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, બોટ દુર્ઘટનામાં થયેલા જાનહાનિ ખૂબ જ દુઃખદ છે. શ્રી મોદીએ દરેક મૃતકના વારસદારને 2 લાખ રૂપિયા અને દરેક ઘાયલને 50 હજાર રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આ ઘટનામાં થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે અને દરેક મૃતકના પરિવારજનને 4 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# EXTERNAL AFFAIRS MINISTER S. JAISHANKAR

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે ભારત-અમેરિકા વેપાર વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધી રહી છે અને હાલમાં એક કરાર પર કામ થઈ રહ્યું છે. નવી દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમમાં બોલતા, ડૉ. જયશંકરે માહિતી આપી હતી કે બંને દેશોના વેપાર મંત્રીઓ તેના પર કામ કરી રહ્યા છે અને બંને રાષ્ટ્રો વેપાર સોદા માટે વાટાઘાટોની પ્રક્રિયામાં ખૂબ આગળ છે.

ચીન અંગે, વિદેશ મંત્રીએ કહ્યું હતું કે જો સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિ ખલેલ પહોંચે તો દ્વિપક્ષીય સંબંધોના પરિણામો બદલાશે.ભારત અને ચીન સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિ પુનઃસ્થાપિત કરવામાં સક્ષમ રહ્યા છે.

ડૉ. જયશંકરે ટિપ્પણી કરી હતી કે ભારત અને ચીન વચ્ચે વેપાર સંતુલન સંપૂર્ણપણે એકતરફી છે.ચીનમાં ભારતને સમાન તક મળી રહી નથી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે સરકાર આગામી કેન્દ્રીય બજેટ માટે પરામર્શ દરમિયાન લાંબા ગાળાના મૂડી લાભ કરને દૂર કરવા અંગેના સૂચનો સાંભળવા માટે તૈયાર છે. શ્રીમતી સીતારમણે ગઈકાલે નવી દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમમાં બોલતા આ વાત કહી હતી.

# DR. L. MURUGAN

માહિતી અને પ્રસારણ અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને તેમના મંત્રાલય અને રાજ્યસભાના સભ્યપદ બંનેમાંથી રાજીનામું આપી દીધું છે.

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં ડૉ. મુરુગને કહ્યું કે દૈનિક વેતન મજૂરના પુત્રથી લઈને તેમના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રી પરિષદમાં સેવા આપવી એ તેમના જીવનનો સૌથી મોટો લહાવો રહ્યો છે.

ડૉ. મુરુગને કહ્યું કે તેઓ 2029ની લોકસભા ચૂંટણી પહેલા તમિલનાડુમાં પાછા ફરવા, પાર્ટીના કાર્યકરો સાથે ઉભા રહેવા અને ભાજપને મજબૂત બનાવવા માટે પૂર્ણ સમય સમર્પિત કરવા માંગે છે.

# NAVRATRI

નવરાત્રિના ચોથો દિવસ, બંગાળમાં દુર્ગા પૂજા માટે રંગબેરંગી પંડાલો, રોશની અને ઢાળ ઢોલના સાથે માં દુર્ગાની પૂજા માટેની તૈયારીઓ પૂર જોશમાં ચાલી રહી છે.

પોલીસ અને સ્થાનિક અધિકારીઓ ટ્રાફિકનું સંચાલન કરવા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે પગલાં લઈ રહ્યા છે.બંગાળીઓ માટે, દુર્ગા પૂજા એક તહેવાર કરતાં વધુ છે. આ આનંદ, પરંપરા અને એકતાનો સમય છે.

# WORLD SKATE GAMES 2026

ભારતના આનંદકુમાર વેલકુમારે પેરાગ્વેના અસુનસિઓનમાં યોજાયેલ વર્લ્ડ સ્કેટ ગેમ્સ 2026 માં 500 મીટર સ્પ્રિન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

તમિલનાડુના 23 વર્ષીય સ્પીડ સ્કેટરે 40.856 સેકન્ડમાં રેસ પૂર્ણ કરી હતી. વેલકુમારે 2025 ચેમ્પિયનશિપમાં પણ 500 મીટર અને 1000 મીટર અને મેરેથોનમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જેનાથી તે બે વખત વિશ્વ ચેમ્પિયન બન્યો છે.

આ અગાઉ, કેરળના અનિરુદ્ધન વિનોદે ગેમ્સમાં જુનિયર પુરુષોની 200 મીટર ડ્યુઅલ ટાઇમ ટ્રાયલમાં રજત ચંદ્રક જીત્યો હતો. વિનોદે 17.658 સેકન્ડનો સમયમાં પૂર્ણ કરી હતી.

# DENMARK OPEN BADMINTON

ડેન્માર્ક ઓપેનમાં તન્વી શર્મા અને કિદામ્બી શ્રીકાંત BWF સુપર 750 ટુર્નામેન્ટમાં બીજા રાઉન્ડમાં આગળ વધ્યા.

બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા અને ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન પીવી સિંધુ આજે ડેનમાર્ક ઓપન 2026 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં બહાર થઈ ગઈ. પીવી સિધુ, જર્મનીની યવોન લી સામે 13-21, 25-23, 21-19 થી હારી ગઈ. લક્ષ્ય સેન પણ પ્રથમ રાઉન્ડમાં બહાર થઈ ગયો છે.

દરમિયાન, ભારતનું ડબલ્સ અભિયાન આજથી શરૂ થશે જેમાં સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી-ચિરાગ શેટ્ટી અને ટ્રીસા જોલી-ગાયત્રી ગોપીચંદ અનુક્રમે પુરુષો અને મહિલાઓના ડ્રોમાં ભાગ લેશે.

# CRICKET

ક્રિકેટમાં, ભારત આજે હૈદરાબાદમાં ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝનો સામનો કરશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ગત રવિવારે ઈન્દોરમાં ત્રીજી T20I મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 14 રને હરાવીને ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-1થી આગળ છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારો એ કેન્દ્ર સરકારે યુ પી આઈ પેમેન્ટ પર એમડી આર ચાર્જ મુલતવી રાખવાના સમાચારો પ્રથમ પાને છાપ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે : યુ પી આઈ પેમેન્ટ પર એમડી આર ચાર્જમુદ્દે કેન્દ્રની પીછે હટ
- નવગુજરાત સમય લખે છે: દિવાળી બોનસ :UPI પર 0.4 ટકા ચાર્જ વસુલવાનો નિર્ણય હાલ મોકૂફ
- સંદેશ લખે છે : દિવાળી સુધી યુ પી આઈ પેમેન્ટ પર એમ ડી આર ચાર્જ નહી લાગે
- આ ઉપરાંત સ્થાનિક સમાચારોમાં ગાંધીનગર મહાનગર પાલિકા સાહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામોના પરિણામો જાહેર થયાએ અંગેના સમાચારો વાંચવા મળી રહ્યા છે.